**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**ગુરૂવાર, તા. ૧૧મી જુલાઇ, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૧.૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

ગુરૂવાર, તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ:૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમઃ ૧૦થી ૩૦૯ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧૨.૦૦ વાગ્યે પૂરો થયો.**

૨. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**પંચાયતી રાજ સમિતિના અહેવાલો**

પંચાયતી રાજ સમિતિના માનનીય પ્રમુખશ્રી રમણભાઇ પટેલે સમિતિનો પહેલો, બીજો, ત્રીજો અને ચોથો અહેવાલ રજૂ કર્યો.

૩ **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા(ચોથો અને છેલ્લો દિવસ)**

નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૨) શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી
(૩) શ્રી કનુભાઇ બારૈયા
(૪) શ્રી આનંદભાઇ ચૌધરી
(૫) શ્રી સી.કે.રાઉલજી
(૭) શ્રી પ્રવિણભાઇ મુસડીયા
(૮) શ્રી અનંતકુમાર પટેલ
(૯) શ્રી નથાભાઇ પટેલ
(૧૦) શ્રી નીતિનભાઇ પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી)

**વિરામ બપોરના ૧.૩૧ થી ૨.૩૦**

૪. **બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

(૧) **દાખલ કરવાનું બિન–સરકારી વિધેયક**

સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદીએ સન ૨૦૧૯નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

**(૨) પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો**

(૧) સભ્યશ્રી વલ્લભભાઇ કાકડિયાએ ''સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૮નું ગુજરાત અશક્ત વ્યક્તિ (પુનઃવસવાટ અને કલ્યાણ) વિધેયક''ના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૨) શ્રી ગોવિંદભાઇ પટેલ

ચર્ચાનો જવાબ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે આપ્યો

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૨) સભ્યશ્રી કેતનભાઇ ઇનામદારે ''સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૮નું ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયક''ના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા

(૨) શ્રી હર્ષ સંઘવી

(૩) શ્રી અમરિષભાઇ ડેર

ચર્ચાનો જવાબ માનનીય રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૩) સભ્યશ્રી હર્ષદભાઇ રીબડીયાએ ''સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૧૮નું ગુજરાત ખેડૂત દેવા માફી વિધેયક''ના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી નરેશભાઇ પટેલ

(૨) શ્રી વિક્રમભાઇ માડમ

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પૂર્ણ કર્યા બાદ સભ્યશ્રી હર્ષદભાઇ રીબડીયાને વિધેયક પાછું ખેંચી લેવાની વિનંતી કરતા, પ્રભારી સભ્યશ્રીએ ઇન્કાર કર્યા બાદ સભાપતિશ્રી દ્વારા વિધેયક મત ઉપર મૂકવામાં આવ્યું, જેને સભાગૃહ દ્વારા નામંજૂર કરવામાં આવ્યું.

**સભાગૃહ, શુક્રવાર, તા.૧૨મી જુલાઇ ૨૦૧૯ના રોજ સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૩૩ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૧મી જુલાઇ, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.